ज्ञानोन्मेष

e-ISSN : XXXX XXXX
Volume-2, Issue-2 : April-June, 2021

# રમકડાક્ષેત્રની ગતિ - ભારતની આત્મનિર્ભરતાની દિશામાં...

શ્રી હર્ષદ પ્ર. શાહ
કુલપતિ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.

**Received : 21-04-2021** **Published Online : June-2021** **Accepted : 15-05-2021**

સાંકળની શક્તિ એની નબળામાં નબળી કડી જેટલી હોય છે. દેશના પરમ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આ તથ્ય અને સત્ય બહુ સારી રીતે સમજે છે. તેમનો પ્રયાસ છે કે દેશનું કોઈ ક્ષેત્ર નબળું ન રહે. દેશનો સર્વક્ષેત્રીય વિકાસ થાય.

કોઈનેય ન સમજાય કે દેશના વડાપ્રધાન સમક્ષના અસંખ્ય આંતર-બાહ્ય પ્રશ્નો, દેશ-વિદેશના સંબંધોની ગૂંથણી, સીમાવર્તી... દેશના સાર્વભૌમત્વના રક્ષણ માટેની સતત ચિંતા, દેશના પ્રત્યેક મનુષ્યનો વિકાસ અને સાથે સાથે રાષ્ટ્રના સર્વક્ષેત્રીય વિકાસના મુદ્દાઓની ભરમારની વચ્ચે રમકડાના ક્ષેત્ર માટે આટલી ગહનતાથી શી રીતે વિચારી શકાય?

દેશના સૂત્રધારે પ્રત્યેક બાળકના સર્વાંગી વિકાસનો અતિ સૂક્ષ્મ અને સંવેદનશીલ મુદ્દો દેશવાસીઓને કેટલી સરળતા, સહજતા અને અભ્યાસપૂર્ણ રીતે સમજાવી દીધો, એ વાતનું આશ્ચર્ય આજેય ઘણા અનુભવી રહ્યા છે. એ દિવસ હતો - ૩૦ ઑગસ્ટ,૨૦૨૦ ને રવિવારનો, નિયમિત રીતે દેશવાસીઓના જીવંત સંપર્કમાં રહેતા અને જીવનના વિવિધ પાસાંઓને સ્પર્શતા વડાપ્રધાન લોકહૃદયમાં અનેરું સ્થાન મેળવી ચૂક્યા છે. જગત આખું એમની વિશેષતાઓથી ચકિત છે.

અત્યાર સુધી આપણે એમ માનતા રહ્યા કે રમકડાં તો નાનાં બાળકો માટે રમવાનું અને આનંદ મેળવવાનું એક સાધન માત્ર છે. પણ એ પરિભાષા હવે બદલાઈ ગઈ છે. જે કોઈ ઉપકરણથી કોઈ પણ ઉંમરની વ્યક્તિને કંઈ પણ આનંદમૂલક રીતે શીખવા મળે તે બધું રમકડાં અર્થાત્ 'અ ની પરિભાષામાં મૂકી શકાય.

રમકડાંનું વર્ગીકરણ મુખ્યત્વે નીચેના પાંચ પ્રકારોમાં કરી શકાય
(૧) હલનચલન કરતાં રમકડાં (૨) શોધખોળ કરવા પ્રેરે એવાં કોયડાવાળાં રમકડાં (Puzzles) (૩) કલ્પનાશક્તિ વધારતાં રમકડાં (૪) સંવેદના અને વિચારશક્તિ વધારતાં રમકડાં અને (૫) અનુકરણ દ્વારા કંઈક શીખવામાં ઉપયોગી થતાં રમકડાં.

અનેક પ્રકારના વિષયો શીખવામાં રમકડાં સહાયભૂત બની શકે, જેવા કે (૧) ગણિત (૨) વિજ્ઞાન (૩) ખગોળ (૪) કલા (૫) સંસ્કૃતિ (૬) જીવનમૂલ્યો (૭) સાહિત્ય (૮) ભાષા (૯) ઇતિહાસ (૧૦) યોગ (૧૧) સમાજવિદ્યા (૧૨) ટેકનોલોજી... અને આવા અનેક.

બાળકના વિકાસમાં રમકડાં કેટકેટલી મહત્ત્વની ભૂમિકા અદા કરે છે તે જોઈએ-
(૧) ખબર પણ ન પડે અને બાળકને આવડી જાય.
(૨) રમકડાં બાળકને જગતની જટિલતામાંથી મુક્તિ અપાવે છે.
(૩) બાળકને પોતાનું જગત અને ભાવવિશ્વ વિસ્તારવાની તક આપે છે.
(૪) બાળકની ક્ષમતાઓ વધારવામાં અને બુદ્ધિવિકાસ કરવાની મહત્ત્વની ભૂમિકા નિભાવે છે.

(૫) બાળકો વાસ્તવિક જીવનના અનુભવોનું અનુકરણ કરે છે અને સહજ અભિવ્યક્તિ કરતાં શીખે છે.
(૬) બાળકની કલ્પનાશક્તિ, સર્જનશક્તિ અને ક્રિયાશીલતા વધારે છે.
(૭) બાળકનો શારીરિક, માનસિક, સાંવેગિક અને બૌદ્ધિક વિકાસ કરવામાં મદદરૂપ થાય છે.
(૮) સામાજિક સમરસતા અને દેશની વિવિધતામાં સમાયેલી એકતાની અનુભૂતિ બાળક કરી શકે છે.
(૯) દેશનો ભવ્ય ઈતિહાસ, મહાન પૂર્વજોનો પરિચય, સંસ્કૃતિ અને દેશની ભૂગોળનું જ્ઞાન સહજ સાધ્ય બને છે.
(૧૦)પ્રકૃતિ અને પર્યાવરણના સિદ્ધાંતો પણ સરળતાથી સમજાય છે.

જ્ઞાન સાથે ગમ્મત કરતાં કરતાં રમકડાંને કારણે બાળકનું બાળપણ સચવાય છે અને અનેક વિષયોન શિક્ષણ કોઈ પણ પ્રકારનો ભાર અનુભવ્યા સિવાય એ મેળવી લે છે.

પરમ આદરણીય વડાપ્રધાનશ્રીએ દેશના રમકડાં નિર્માતાઓને કેવાં પ્રકારનાં રમકડાં બનાવવાં જોઈએ એનું માર્ગદર્શન આ પ્રમાણે આપ્યું છે.-

(૧) બાળકનાં જીવનમૂલ્યોનો આવિષ્કાર થાય એવાં રમકડાં.
(૨) ખેડૂત-ખેતીનાં ઓજારોની માહિતી આપતાં રમકડાં.
(૩) યોગ અને રમતનો અભિગમ વિકસાવતાં રમકડાં.
(૪) ખગોળ-વિજ્ઞાન-ગણિત જેવા વિષયોનાં રહસ્યો સમજાવતાં રમકડાં.
(૫) મહાપુરુષો અને મહાન પૂર્વજોનો પરિચય કરાવતાં રમકડાં.
(૬) 'સ્વચ્છ ભારત' 'હ્રૈઁહ્રૈક' અને 'એક ભારતઃ શ્રેષ્ઠ ભારત' જેવાં જીવનોપયોગી સૂત્રોને જીવંત કરતાં રમકડાં.
(૭) આઝાદીનાં ૭૫ વર્ષોનો ઈતિહાસ તાદૃશ્ય કરતાં રમકડાં.
(૮) મહાભારત, રામાયણ, પંચતંત્ર, ઉપનિષદ અને વેદોની કથાઓ જીવંત કરતાં રમકડાં અને કઠપૂતળી (પપેટ્સ).

આમ, રમકડાંનું શાસ્ત્ર જીવનના અનેક આયામોને સ્પર્શે છે. એની ઉપયોગિતા ઘર-ઘરમાં પ્રત્યેક બાળકના વિકાસ માટે અનન્ય છે. નાના-મોટા સૌ કોઈ માટે આનંદ સાથે જ્ઞાન મેળવવાનો સબળ વિકલ્પ છે.

રમકડાંનું ક્ષેત્ર અતિ વ્યાપક છે, માટે એની આર્થિક અસરો પણ વ્યાપક જ હોય, કરોડો-અબજોનું એ બજાર બની શકે. અત્યારની સ્થિતિએ રૂપિયા ૭ લાખ કરોડના રમકડાંના વૈશ્વિક બજારમાં ભારતનો હિસ્સો માત્ર ૦.૫ ટકા છે. બીજો પણ એક ચોક્કસ આંકડો જાણવા મળ્યો છે કે રમકડાંનું વૈશ્વિક બજાર કુલ ૬,૫૩,૪૦૦ કરોડ છે જેમાં ભારતનો હિસ્સો ૦.૧૬ ટકા જ છે. આમ થોડી જુદી પડતી માહિતીઓના ઢગલા વચ્ચે એટલું તો સમજી શકાય એવું છે કે અત્યારે આપણું કામ નહિવત્ છે. જો આ પ્રમાણ વધારવામાં આવે તો ભારતની નિકાસ વધી શકે, આયાત ઘટે અને હુંડિયામણ વધે. અત્યારે તો આપણે ચીન, અમેરિકા, ઈંગ્લૅન્ડ અને કોરિયા જેવા દેશોમાંથી પુષ્કળ પ્રમાણમાં રમકડાં આયાત કરી રહ્યા છીએ.

રમકડાંની આયાત ઘટાડવામાં આવે તો જ આ ક્ષેત્રે ભારતની આત્મનિર્ભરતા વધે.....અને એ માટે રમકડાંના ઉત્પાદન પર વિશેષ ધ્યાન દેવું ઘટે અને એ માટે આટલા મુદ્દા ધ્યાનમાં લેવા જોઈએ-

૧. સંપૂર્ણ સ્વદેશી સામગ્રી અને વસ્તુઓમાંથી રમકડાં બનાવવાં, 'વેસ્ટમાંથી બેસ્ટ' ના સૂત્રનો આધાર

લઈને વાંસ, લાકડું, કપડું, માટી, ઘાસ તથા અન્ય પ્રાકૃતિક સામગ્રીનો ઉપયોગ વધારી શકાય.

૨. પરંપરાગત રમકડાંને અદ્યતન ટેકનોલોજીના આધારે આકર્ષક સ્વરૂપ આપવું.

૩. અલગ-અલગ વયજૂથનાં બાળકો માટે એમના સ્તરને ધ્યાનમાં રાખી રમકડાંની ડિઝાઈન બનાવવી. ડિઝાઈન ક્ષેત્રના નિષ્ણાતોને આ કામમાં જોડવા જોઈએ.

૪. બાળકોને રમકડાના રંગ અને તીક્ષ્ણ ધારથી નુક્સાન ન થાય એવાં રમકડાં બનાવવાં.

૫. એન.આઈ.ડી. , આઈ.આઈ.ટી., આર્કિટેક્ટ અને ડિઝાઈનની સંસ્થાઓને રમકડાંની થીમ આપી સંશોધનાત્મક કાર્ય કરાવવું.

૬. દેશભરમાં દરેક રાજ્યમાં રમકડાંના ઉત્પાદકોની યાદી બનાવી એમને ગુણવત્તાસભર રમકડાનું નિર્માણ કરવા પ્રોત્સાહિત કરવા અને કાર્યશાળાઓ યોજવી.

હવે કેટલાક ખૂબ અગત્યના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીએ-

૧. રમકડાંના બજાર પર રિસર્ચ કરતી સંસ્થા આઈ.એમ.આર.સી. દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા મુજબ, રમકડાંનું બજાર અંદાજિત રૂ. ૧૦૫ અબજ ડોલરનું છે. તેમાંથી ૮૫ ટકા પર ચીનનું વર્ચસ્વ છે, જ્યારે બાકીના હિસ્સામાં યુરોપ, શ્રીલંકા, મલેશિયા અને ભારત સમાયેલા છે. આગામી વર્ષોમાં રમકડાંનું બજાર રૂ. ૧૩૫ અબજ ડોલરનું થવાનો સંભવ છે.

૨. ભારતીય રમકડાં બજારમાં ૨૦૧૧ થી ૨૦૧૮ સુધીમાં ૧૫.૯ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે અને બજાર ૧.૫ અબજ ડોલરનું કદ ધરાવે છે.

૩. આપણે મોટા પ્રમાણમાં રમકડાં આયાત કરીએ છીએ. તેમાંથી ૬૬.૯ ટકા આયાતી રમકડાં હાનિકારક હોય છે. ભારતીય ગુણવત્તા પરિષદે (QCII)- એ આ બાબતે સર્વે કર્યા પછી આ અહેવાલ તૈયાર કર્યો છે. આપણાં બાળકોને આયાતી રમકડાંની હાનિકારક અસરોમાંથી બચાવવા માટે પણ આ ક્ષેત્રે આત્મનિર્ભર થવું અનિવાર્ય છે.

૪. વાણિજ્ય મંત્રાલય હેઠળ 'ઉદ્યોગ પ્રોત્સાહન અને આંતરિક વેપાર વિભાગ' (DPIIT) એ જણાવ્યું હતું કે એમ.એસ.એમ.ઈ. અંતર્ગત અંદાજે ૪૦૦૦ ઉત્પાદન એકમો છે, જેમાંથી ૭૫ ટકા ખૂબ નાનાં, ૨૨ ટકા સાધારણ અને મધ્યમ અને માત્ર ૩ ટકા જ મોટાં એકમો છે.

આ આંકડા જોતાં એવું લાગે છે કે દેશના મોટા ઉદ્યોગગૃહોને આ ક્ષેત્રમાં જોડાવા પ્રોત્સાહિત કરવાં ખૂબ જરૂરી છે.

૫. સરકાર અત્યારે બેધારી વ્યૂહનીતિ પર કામ કરી રહી છે-

- સ્થાનિક રમકડા ઉદ્યોગને બેહતર બનાવવો અને
- ભારતીય બજારમાં ભારતીય રમકડાં માટે વિદેશી રમકડાંની સામે સ્પર્ધાત્મક માહોલ આપવો.

૬. ઘરેલુ બજારમાં ભારતીય રમકડા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે વિદેશથી આયાત કરવામાં આવતાં રમકડાં પર 'આયાત શુલ્ક' વધારવામાં આવ્યું છે.

૭. કર્ણાટકના રામનગર જિલ્લામાં ચન્નાપટના, આંધ્રપ્રદેશમાં ક્રિષ્ના જિલ્લામાં કોન્ડાપલ્લી, તમિલનાડુમાં થંજાવુર જિલ્લો, આસામમાં ધુબારી જિલ્લો, ઉત્તરપ્રદેશમાં વારાણસી અને ગૌતમ બુદ્ધનગર

e-ISSN : XXXX XXXX
Volume-2, Issue-2 : April-June, 2021

જિલ્લાનો રમકડાંના ક્લસ્ટર તરીકે ઉદય થઈ રહ્યો છે અને તેથી તેના પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

૮. ગુજરાતમાં પણ ભાવનગર જિલ્લાના મહુવા ગામમાં, રાજકોટમાં, કચ્છ-ભૂજમાં, વઢવાણમાં, વડોદરા પાસે સંખેડામાં અને સાબરકાંઠાના ઈડરમાં પણ રમકડા ઉદ્યોગ વિકસ્યો છે, જેને પ્રોત્સાહિત કરવાની જરૂર છે.

૯. શિક્ષણ મંત્રાલયે ભારતીય રમકડાંને પ્રોત્સાહન આપવા માટે ૧૪ મુદ્દાનો કાર્યક્રમ તૈયાર કર્યો છે. આ કાર્યક્રમ હેઠળ એનસીઈઆરટી, સીબીએસઈ, કેન્દ્રીય શાળાઓ અને નવોદય વિદ્યાલયો દ્વારા રમકડાંના વિવિધ વિષયવસ્તુ આધારિત વિજ્ઞાનમેળા આગામી બેથી ત્રણ વર્ષ માટે યોજવામાં આવશે.

૧૦. એનસીઈઆરટી અને અન્ય નોડલ સત્તામંડળોને નવો અભ્યાસક્રમ તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, જેમાં ઈતિહાસ, વિજ્ઞાન અને ગણિતને સમજવા માટે રમકડાંનો ઉપયોગ અને લાઈબ્રેરી જેવી બાબતો સમાવી લેવામાં આવશે. આ અભ્યાસક્રમને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે સાંકળવામાં આવી રહ્યો છે.

૧૧. સ્થાનિક રમકડાં દ્વારા ભારતના સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન અપાશે, બાળકોના માનસિક વિકાસમાં રમકડાંના મહત્ત્વને ધ્યાનમાં રાખીને આંગણવાડી અને શાળાઓને પણ તેની સાથે સાંકળવામાં આવી છે.

૧૨. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં પણ Department of Toy Innovation નામનો એક નવો વિભાગ શરૂ કરી દેવામાં આવ્યો છે અને આ યુનિવર્સિટી રમકડાના ખૂબ મહત્વના વિષયનું સમગ્ર ગુજરાત અને ભારતનું કેન્દ્ર બને એવો પ્રયત્ન છે.

સમગ્રતાથી જો આ વિષયનો નિષ્કર્ષ તારવીએ તો કહી શકાય કે-

૧. રમકડા ઉદ્યોગની નીતિથી કૌશલ્ય ધરાવતા લોકો માટે રોજગારીની નવી તકો ઊભી થશે.

૨. ચતુર્વિધ શક્તિઓનું નિર્માણ થશે-

૧.બાળશક્તિ ૨. પરિવારશક્તિ ૩. સર્જનશક્તિ અને ૪. અર્થશક્તિ

ભારત આર્થિક રીતે સમૃદ્ધ અને આત્મનિર્ભર થશે, જેના પાયામાં બાળક હશે. સમગ્ર દેશના ભાવિના હિતમાં આ બહુ મોટી વાત છે.

આમ, રમકડાનો વિષય ભારતના આત્માને ઢંઢોળવાનો વિષય બની રહેશે એમાં કોઈ શંકા નથી.

... ભારત માતા કી જય ...

-----